અપીલ અરજી નં.૩૨૯ તા.૧૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા. ૫–૯–૧૧ની અરજીથી સંબંધિત વિભાગોમાં તા.૧૧–૩–૧૧ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત વિભાગોના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે શું શું તપાસ કરાવવામાં આવી અને તપાસ કર્મચારીઓએ સ્થળ તપાસ કરી શું રીપોર્ટ બનાવ્યો અને ઉપલા અધિકારીને રજુ કર્યો તે તમામની સહી સિકકાવાળી નકલ ફાળવવી તેમજ ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ જે દુર કરાવવામાં આવેલ છે કે કેમ ? તેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૯/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા. ૫–૯–૧૧ની અરજીથી સંબંધિત વિભાગોમાં તા.૧૧–૩–૧૧ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત વિભાગોના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે શું શું તપાસ કરાવવામાં આવી અને તપાસ કર્મચારીઓએ સ્થળ તપાસ કરી શું રીપોર્ટ બનાવ્યો અને ઉપલા અધિકારીને રજુ કર્યો તે તમામની સહી સિકકાવાળી નકલ ફાળવવી તેમજ ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ જે દુર કરાવવામાં આવેલ છે કે કેમ ? તેની સંપુર્ણ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૧૧–૩–૧૧ની અરજી અંગે થયેલ દફતરી કાર્યવાહીની નકલ સહ વિગતો મોકલવા તથા ન થયેલ હોય તો તેમ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૩ તા.૧૭–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ )તથા અરજદારને અપીલ દરમ્યાન પ્રત્યુત્તર મળે તો ત્યાર બાદ નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈ ડી/ ૧૪૯૦ તા.૨૪–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તા.૧૧–૩–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૧૪૮ તા.૨૭–૯–૧૧ થી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/ ૧૪૮૯ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે પત્ર નં.વીઆઈડી/૨૦૨૦ તા.૧૭–૩–૧૧ ના તથા વીઆઈડી/ ૩૨૧ તા.૧૦–૫–૧૧ ના રોજ , તા.વીઆઈડી/૧૩૪૪ તા.૪–૧૦–૧૧ ના રોજ , વીઆઈડી/૧૩૪૪ તા.૧૫–૧૦–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પાઠવેલ પત્રોની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૧ ના રોજ અરજદારની તા.૧–૧૧–૧૧ ના પત્રથી આપેલ પૂરક વિગતો અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૧૪૮ તા.૨૭–૯–૧૧ થી વીજીલન્સને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૧૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ તથા માહિતી મળ્યા બાદ અપીલના આધારો રજૂ કરવાનું જણાવેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને અપીલ તબકકે જવાબ મળ્યેથી નારાજગીના આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/ ૧૪૮૯ તા.૨૪–૧૦–૧૧ ના પત્રથી સમય અવધિ બાદ " આરટીઆઈ એકટ હેઠળ માંગેલ તા.૧૧–૩–૧૧ ની અરજી અંગે માહિતી બાબતે વીજીલન્સ વિભાગ ધ્વારા સંબતિ વિભાગના પત્ર નં.વીઆઈડી/૨૦૨૦ તા.૧૭–૩–૧૧ , વીઆઈડી/૩૨૧ તા.૧૦–૫–૧૧, વીઆઈડી/૧૩૪૪ તા.૪–૧૦–૧૧ તથા વીઆઈડી/૧૩૪૪ તા.૧૫–૧૦–૧૧ તથા વીઆઈડી/૧૪૭૭ તા.૨૧–૧૦–૧૧ થી દબાણ દુર કરવા વારંવાર જાણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને

સબંધિત વિભાગ ધ્વારા સી.ઝેડ/એન્જી./આ.નં.૨૬૧૯ તા.૨૧–૧૦–૧૧ થી જણાવવામાં આવેલ કે રાજમાર્ગ પર વોટર ટેબલ પથ્થરો રાહદારીઓને ચાલવાની સરળતા ખાતર લગાવવામાં આવેલ છે. તેમજ ફુટપાથ પરનું દબાણ તબકકાવાર હટાવવામાં આવતું હોવાનું જણાવેલ છે. જે પત્રોની નકલ આરટી.આઈ એકટ મુજબ પાનાના રૂા.૨/– લેખે કુલ પાના ૬ ના ૬×૨ –૧૨/– (અંકે રૂપિયા બાર પુરા/–) સીવીક સેન્ટર ખાતે ભરી જેની રસીદ વીજીલન્સ વિભાગમાં રજૂ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે. જે અંગે માહિતી મળ્યેથી અરજદારને નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમના તા.૧–૧૧–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં જે માહિતી માંગેલ તે મુજબની નથી અને વીજીલન્સ વિભાગે ફુટપાથ ઉપરના દબાણ દુર કરવાની જાણકારી આપવામાં આવેલ છે. અમારી અરજીમાં વરસાદી વોટર ટેબલ પર દબાણ કરવામાં આવેલ તેવી અરજી કરવામાં આવેલ. પરંતુ તે મુજબ માહિતી મળેલ નથી. અરજદારનો મુળ પ્રશ્ન દબાણ બાબતેનો છે જે દબાણ દુર કરવા અંગે જાહેર માહિતી અધિકારી રાજમાર્ગપર વોટર ટેબલ પથ્થરો રાહદારીઓને ચાલવાની સરળતા ખાતર લગાવવામાં આવેલ છે તેમજ ફુટપાથ પરનું દબાણ તબકકાવાર હટાવવાનું જણાવેલ છે આથી રાજમાર્ગ ઉપરના વોટર ટેબલ પથ્થરો અને ફુટપાથ બંને વિગતો જણાવેલ છે. જો અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.પ–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન દેસાઈ